Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પસ્ચ/૨૦૨૨/ - 10063

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૧૨/૦૭/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ વિસ્તારની શાળાઓ તરફ

સામેલ તા.૦૮/૦૭/૨૦૨૨નાં પત્ર સંદર્ભે જાણ તથા જરૂરી સુચનાઓનો અમલ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લા-સુરત

**મતદાર નોંધણી અધિકારી ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ અને**
**નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ)ની કચેરી**
**ઠે. બીજોમાળ, જિલ્લા પંચાયત કચેરી, દરિયા મહેલ, ચોકબજાર, સુરત**
**ઈ-મેઈલ – ro168chorasi@gmail.com**

નં.મતય/મતદારયાદી કામગીરી/ખાસ ઝુંબેશ/હાઉસ ટૂ હાઉસ/વશી./૨૦૨૨ તા.૦૮/૦૭/૨૦૨૨

પ્રતિ,
(૧) મે.કમિશ્નરશ્રી, મધ્યસ્થ મહેકમ, સુરત મહાનગર પાલિકા, મુગલીસરા,સુરત.
(૨) મે.જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, એ, ત્રીજો માળ જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત.
(૩) નાયબ જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયતની કચેરી દરીયા મહેલ, સુરત.
(૪) શાસના અધિકારીશ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, કાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ, સુરત.
(૫) વહિવટી અધિકારી, સુમન માધ્યમિક શાળા વિભાગ, ગોર્ધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા,સુરત.(લાલ સુમન શાળા નં.૦૨ માતવાડી પાસે, કરંજ, સુરત
(૫) આઈડીસીએસ ઓફિસરશ્રી, સુરત મહાનગર પાલીકા, લીંબાયત ઝોન, પોલીસ ચોકીની ઉપર, દિલ્હી ગેટ, સુરત.

**વિષય:** તા.૦૧/૧૦/૨૦૨૨ની લાયકાત તારીખ સંદર્ભે ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ બાબત
**BLOs દ્રારા House to House મુલાકાત બાબત**
**સંદર્ભ:** (૧) મે.મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલઆર/૧૪૨૨/૧૩૦(૨)છ, તા.૦૬-૦૭-૨૦૨૨

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.૦૬/૦૭/૨૦૨૨ પત્રથી તા.૦૧.૧૦.૨૦૨૨ની લાયકાત તારીખ સંદર્ભે ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. ઉપરોકત પત્રની સુચના મુજબ સુધારણા પુર્વેની પ્રવૃત્તિઓ અંતર્ગત બીએલઓ દ્રારા તેઓને ફાળવવામાં આવેલ ભાગમાં સમાવિષ્ટ દરેક ઘરની મુલાકાત **(House to House) તા.૦૮/૦૭/૨૦૨૨ થી તા.૨૨/૦૭/૨૦૨૨ દરમ્યાન કરવા ખાસ સુચના આપેલ છે.** સુધારણા પુર્વેની પ્રવૃત્તિઓ અંતર્ગત BLOs દ્રારા House to House તથા બી.એલ.ઓ.સુપરવાઇઝરશ્રીઓને તેઓના તાબા હેઠળના બી.એલ.ઓ.ની રેન્ડમલી ક્ષેત્રીય મુલાકાત લઇ ઉપરોકત કામગીરીનું સુપરવિઝન કરવા અને મુલાકાત દરમ્યાન ઉપરોકત પત્રમાં જણાવ્યા મુજબની કામગીરી સુચના આપેલ છે.(આ સાથે સામેલ છે) જેથી આપના તાબા હેઠળના ૧૬૮-ચોર્યાસી વિધાનસભા વિસ્તારના બી.એલ.ઓશ્રી/કર્મચારીશ્રીઓને જરૂરી સુચના આપવા વિનંતી છે.

મતદાર નોંધણી અધિકારી
૧૬૮- ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ
અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ),સુરત

નકલ સવિનય રવાના: - મે. અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, સુરત તરફ
૨/-સંદર્ભીત પત્ર અન્વયે જાણ સારૂં.

આ-૨

ELECTION
IMMEDIATE


# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER
**GUJARAT STATE**

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

**General Administration Department (Election Division)**
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.


ક્રમાંકઃઇએલઆર-૧૪૨૨-૧૩૦(૨)-છ ~~તા.૦૬/૦૭/૨૦૨૨~~

પ્રતિ,
સર્વે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી,

વિષય : તા.૦૧.૧૦.૨૦૨૨ની લાયકાત તારીખ સંદર્ભે ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ બાબત
BLOs દ્વારા House to House મુલાકાત બાબત.

આપ સુવિદિત છો કે, ભારતના ચૂંટણી પંચના તા.૨૭/૦૬/૨૦૨૨ના પત્રથી તા.૦૧.૧૦.૨૦૨૨ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. આગામી સમયમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી ધ્યાને લઇ સદર મતદારયાદીના સતત સુધારણાના કાર્યક્રમ દરમ્યાન સુધારણા પૂર્વેની પ્રવૃત્તિઓ (Pre-Revision activities) અંતર્ગત BLOs દ્વારા તેઓને ફાળવવામાં આવેલ ભાગમાં સમાવિષ્ટ દરેક ઘરની મુલાકાત (House to House) તા.૦૮/૦૭/૨૦૨૨ થી તા.૨૨/૦૭/૨૦૨૨ દરમ્યાન કરવાની રહેશે. સંબંધિત મતદાર નોંધણી અધિકારીશ્રીઓ દ્વારા તેઓના વિધાનસભા મતવિભાગના તમામ BLOs ને તેઓની H2H મુલાકાત દરમ્યાન તા.૦૧.૦૧.૨૦૨૨ની લાયકાતની તારીખના સંદર્ભે તા.૨૮/૦૬/૨૦૨૨ સુધીના મળેલ તમામ હકક-દાવાઓના કરેલ નિકાલનો સમાવેશ કરીને તૈયાર કરવામાં આવેલ મતદારયાદી પૂરી પાડવાની રહેશે. આ મતદારયાદી અને કકકાવારી યાદીની pdf ER Printing Tools નો ઉપયોગ કરી જનરેટ કરવાની રહેશે. સુધારણા પૂર્વેની પ્રવૃત્તિઓ (Pre-Revision activities) અંતર્ગત BLOs દ્વારા H2H મુલાકાત દરમ્યાન નીચે મુજબની મુખ્ય કામગીરી કરવાની રહેશે અને લાગુ પડતા કિસ્સામાં ફોર્મ નં.૬, ૬-ક, ૭, ૮ અને ૮-ક મેળવી તેને GARUDA Application માં digitize કરવાના રહેશે.

(૧) ઘરોની મુલાકાત દરમ્યાન નિયત નમૂના ફોર્મ નં.૬, ૬-ક, ૭, ૮ અને ૮-ક માં અરજીઓ મેળવવી.

(૨) ખાસ કરીને તા.૦૧/૦૧/૨૦૨૨ની લાયકાતની તારીખ સંદર્ભે લાયક હોય અને મતદારયાદીમાં નોંધાયેલ ન હોય તેવા તમામ નાગરિકો પાસેથી ફોર્મ-૬ મેળવવા.

(૩) મતદારયાદીના આધારે મતદારોની વિગતોની ચકાસણી કરી જો મતદારો સુધારા સૂચવે તો તેવા મતદારો પાસેથી ફોર્મ-૮ મેળવવા.

(૪) મતદારયાદીના આધારે મતદારોની ખરાઇ દરમ્યાન એક કરતાં વધુ વખતે નોંધાયેલા (Repeated/Multiple entries) / કાયમી સ્થળાંતરીત / અવસાનના કિસ્સામાં ફોર્મ -૭ મેળવવા.

(૫) તા.૦૧/૧૦/૨૦૨૨ના રોજ ૧૮ વર્ષ થતા હોય તેવા નાગરિકોની યાદી તૈયાર કરવી.

(૬) BLO Supervisor દ્વારા તેમને ફાળવવામાં આવેલ ભાગોમાં નવા અસ્તિત્વમાં આવેલ સોસાયટી/એપાર્ટમેન્ટ કે જેનો સમાવેશ મતદારયાદીમાં થયેલ ન હોય તો તેની યાદી સ્થળ ઉપર મુલાકાત કરીને તૈયાર કરી અને તેની ખરાઇ કરવાની રહેશે અને જો અસ્તિત્વમાં આવેલ નવા સોસાયટી/એપાર્ટમેન્ટનો ભાગમાં સમાવેશ કરવા અંગેનો નિર્ણય મતદાર નોંધણી અધિકારીશ્રીના પરામર્શમાં રહીને કરવાનો રહેશે. આ મતલબની કાર્યવાહી પૂર્ણ કર્યા સબબનું પ્રમાણપત્ર સુપરવાઇઝર રજૂ કરશે. ત્યારબાદ BLOs દ્વારા આવા દરેક ઘરની મુલાકાત કરી તેમાં લાગુ કિસ્સામાં ફોર્મ-૬/ફોર્મ-૮ક મેળવવા.

૨. BLOs ને આપવામાં આવેલ મતદારયાદીનો ઉપયોગ કરી સંબંધિત BLOs એ જે તે મતદારોની ખરાઇ કરવાની રહેશે અને કકકાવારી યાદીના કોલમ નં.(૯)માં સંબંધિત મતદાર અથવા કુટુંબના વડાની સહી મેળવવાની રહેશે. કામચલાઉ સ્થળાંતરના કિસ્સામાં "A", કાયમી સ્થળાંતરના કિસ્સામાં જે મતદાર પોતાના સામાન્ય રહેઠાણનું સ્થળ છોડી કાયમી ધોરણે અન્ય સ્થળે રહેવા ગયા હોય અને આ મૂળ સરનામે પરત ફરવાની કોઇ સંભાવના ન હોય તેવા મતદાર સામે કોલમ - ૯ માં સ્થળાંતરીત "S" એમ લાલ શાહીથી લખવું અને અવસાનના કિસ્સામાં "D" લાલ પેનથી કકકાવારી મતદારયાદીમાં કોલમ નં.(૯)માં અંકિત કરી અને કુટુંબનાં પુખ્ત સભ્યની સહી લેવાની રહેશે અને આવા અવસાનના કિસ્સામાં ફોર્મ - ૭ સાથે મરણનું પ્રમાણપત્ર કે અન્ય પુરાવો આધાર તરીકે સામેલ કરવો. આવા A/S/D ની વિગતો **"પત્રક-૧"માં** જણાવેલ સંબંધિત કોલમોમાં દર્શાવવાની રહેશે.

૩. તા.૦૧/૧૦/૨૦૨૨ના રોજ ૧૮ વર્ષ થતા હોય તેવા નાગરિકો(Prospective electors)ની યાદી BLOs દ્વારા તેમને ફાળવવામાં આવેલ ભાગમાં સમાવિષ્ટ વિસ્તાર અને નવા અસ્તિત્વમાં આવેલ વિસ્તારોના દરેક ઘરે મુલાકાત કરી **"પત્રક-૨"માં** તૈયાર કરવાની રહેશે.

૪. BLO Supervisor દ્વારા તેમને ફાળવવામાં આવેલ ભાગોમાં નવા અસ્તિત્વમાં આવેલ સોસાયટી/એપાર્ટમેન્ટ કે જેનો સમાવેશ મતદારયાદીમાં થયેલ ન હોય તો તેની યાદી **"પત્રક-૩"માં** તૈયાર કરવાની રહેશે. તેઓ રોજરોજની BLO ની કામગીરી ઉપર દેખરેખ રાખી રેન્ડમલી તેઓના કામની ચકાસણી પણ કરશે.

૫. BLOs ને H2H મુલાકાત દરમ્યાન (૧) નહીં નોંધાયેલા પરંતુ લાયકાત ધરાવતાં નાગરિકો પાસેથી ફોર્મ-૬ અંગેની સંખ્યાની વિગતો (૨) સ્થળાંતરિત થયેલ અને અવસાન પામેલ મતદારોના કિસ્સામાં મેળવેલ ફોર્મ-૭ ની સંખ્યાની વિગતો અને (૩) તા.૦૧.૧૦.૨૦૨૨ની લાયકાત તારીખના સંદર્ભે સંભવિત મતદારોની યાદી તૈયાર કરી તેની સંખ્યાની વિગતો **"પત્રક-૪"માં** સંબંધિત કોલમોમાં દર્શાવવાની રહેશે.

૬. BLO દ્વારા H2H મુલાકાત દરમ્યાન જો કોઇ ઘરે મતદાર દિવ્યાંજન PwD હોય તો તેની વિગતો તેની દિવ્યાંગતાની ટકાવારી સાથેની માહિતી "પત્રક-૫"માં માં રજૂ કરવાની રહેશે.

૭. BLO દ્વારા H2H મુલાકાત દરમ્યાનમાં મેળવેલ ફોર્મ નં.૬, ૬-ક, ૭, ૮ અને ૮-કને GARUDA Application માં digitize કરવાના રહેશે અને તા.૨૨/૦૭/૨૦૨૨ સુધીમાં ડેટા એન્ટ્રી પૂર્ણ કરી લેવાની રહેશે.

૮. BLO Supervisor દ્વારા BLO પાસેથી રોજે રોજ માહિતી મેળવીને તેમને આપવામાં આવેલ **"પત્રક-૬"માં** નિભાવવાની અને સબંધિત EROsને મોકલવાની રહેશે.

૯. ઉપરોકત મુજબની પત્રક-૧ અને પત્રક- ૪ ની સમગ્ર જિલ્લાની માહિતી આપના જિલ્લાના તમામ વિધાનસભા મતવિભાગના સબંધિત EROs પાસેથી મેળવીને તે તમામ સંકલિત કરી તેની માહિતી તા.૨૫/૦૭/૨૦૨૨ના રોજ સવારે ૧૧-૦૦ કલાક સુધીમાં FTP પર TAPALS-> July-2022 -> BLO H2H Visit Info નામના ફોલ્ડરમાં અચૂક મોકલી આપવામાં તે સુનિશ્ચિત કરવાની રહેશે.

ઉપર્યુકત તમામ મુદાઓને આવરી લેતી કાર્યવાહી આપના જિલ્લા સ્થિત સર્વે વિધાનસભા મતવિસ્તારોમાં સુચારૂરૂપે થાય તેની આપની કક્ષાએથી ખાતરી કરવા અને આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં આ મતદારયાદીનું મહત્વ જોતાં સબંધિત તમામ અધિકારીઓ/કર્મચારીઓને આ કામગીરી સંપૂર્ણ નિષ્ઠા અને કાળજીથી હાથ ધરે તે મુજબની વ્યવસ્થવા ગોઠવવા અનુરોધ છે.

(પી. ભારતી)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત

બિડાણ:- ઉપર મુજબ